સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

પરાણે પૂરેલી એકતાનો 'એમ્પી' માં ઉડ્યો રંગ!
સટોડીયા સાંઢના શિંગડાંનો પણ ઉડ્યો રંગ !
ઉડ્યો રંગ, સંપ-શિસ્તના સંગઠ્ઠનનો કૉંગીમાં -
રાખ્યો'તો તમાયે લાલ ગાલ 'યસ' નો ઉડ્યો રંગ !
(હોલી ખેલત ખેલૈયા)

હાઈકુ

ગાંધી 'સંદેશ'
સત્તા ખેંચતાણમાં -
મૂક્યો કોરાણે ?!

કાચું 'કમલ'
હાથીપગા 'કમલે'
ચગદી નાખ્યું !

ચિંતન

અક્રોધ વૈરાગ્ય જિતેન્દ્રિયત્વં, દયાક્ષમા શાંતિ જનપ્રિયત્વમ્ ।
નિર્લોભ દાતા ભય શોક હર્તા, જ્ઞાનસ્ય ચિહ્નં દસ લક્ષણાન્વિતમ્ ॥

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

અક્રોધ, વૈરાગ્ય, જિતેન્દ્રિયપણું, દયા, ક્ષમા, શાંતિ, માનવપ્રેમ, નિર્લોભતા, દાનશીલતા; ભય અને શોક આ દસ લક્ષણ જ્ઞાનીનાં વર્ણવામાં આવેલ છે. અર્થાત જ્ઞાની પુરુષમાં આ દસ લક્ષણ હોવાથી તે સર્વ ભૂતોનો આત્મા છે એમ સમજવું.

આ એક એક ગુણ મહાન તપશ્ચર્યાનું ફળ છે. અક્રોધ એ સરળ બાબત નથી. નાની બાબતમાં પણ વગર કારણે, સાચી વાત સમજ્યા વિના પણ આપણે ગુસ્સે થતાં હોઈએ છીએ. જ્યારે, કોઈનો દોષ હોય છતાં, ગુસ્સો અકારણ હોય છતાં પણ ક્ષમા કરી ક્રોધ કર્યા સિવાય માણસ સમતોલ રહે એ પરિસ્થિતિ ઉત્કૃષ્ટ છે. સામાન્ય માણસને એનો અંદાજ આવવો પણ શક્ય નથી.

ઈન્દ્રિયો પર વિજય એટલે મન ઉપર સંપૂર્ણ કાબૂ. જીભ જેવી ઈન્દ્રિયોના આપણે ગુલામ છીએ. છતાં નાની બાબતમાં આપણે 'વિજયોત્સવ' ઉજવતા રહીએ છીએ. આવા દસે દસ ગુણ લક્ષણ ધરાવનાર આત્મા જ્ઞાની કહેવાય છે.

સુવિચાર

- ધૂપ મેં બાપ જલતા હૈ, ચૂલ્હે પર માં જલતી હૈ,
  તબ જાકે ઘર મેં કહીં 'ઓલાદ પલતી હૈ' - **અમૃતબિંદુ**
- જયાં નિઃસ્વાર્થ સંબંધ હોય ત્યાં જ આંસુડા પડે - **સંત તિરુવલ્લુવર**
- મનોરથ એટલે ઈચ્છા નહીં પણ પ્રાર્થના,
  મનોરથ એટલે પાંચ વસ્તુ : દર્શન, શબ્દ, સ્પર્શ, રસ, ગંધ - **મોરારિ બાપુ**
- જે વિદ્યા આપણને કર્મમાં પ્રવૃત્ત કરી કમઠ બનાવી શકે તે જ સાચી વિદ્યા,
  ખરા શિક્ષણથી સમાજ રુડો બને છે - **જીવનપાથેય**
- સેવાનો આધાર પૈસા નથી, પરંતુ હૃદય અને ઈચ્છા છે - **એસ જહોન્સન**
- જે પુત્ર વિદ્વાન કે ધાર્મિક ન હોય એવા પુત્રના જન્મથી શો ફાયદો ? - **હિતોપદેશ**
- આજનું ઔષધ : સફેદ મરીનો પાઉડર દહીમાં અથવા મધમાં મિક્સ કરી આંખમાં આંજવાથી રંતાધળાપણું મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સંતે એક ભક્તનો વિતરાગ જોઈ તેને દીક્ષા આપી. તેને નામ આપ્યું. 'નિવૃત્તિનાથ' સંતે કહ્યું. 'હવે તમારે સાંસારિક વસ્તુઓનો ત્યાગ કરવો જોઈએ. માટે આપે જે વિંટી પહેરી છે તે કોઈ સાચા હરિભક્તને ભેટમાં આપી આવો.' સંતનો ઉપદેશ લઈ નિવૃત્તિનાથ ગામમાં ગયા. તેમણે એક મકાનની બહાર 'શ્રીરામ' લખેલું જોયું. મકાન માલિકને કહ્યું, 'મારે માટી વીટી કોઈ સાચા હરિભક્તને દાનમાં આપવાની છે. તમે આ દાન સ્વીકારશો ?' મકાન માલિકે કહ્યું, 'હું તો અધમ માણસ છું. મારા પાડોશી હરિભક્ત છે તેમને વીંટી આપી દો.' નિવૃત્તિનાથે પાડોશીનો દરવાજો ખખડાવ્યો. એમાંથી એક મહિલા બહાર આવી. નિવૃત્તિ નાથે વીંટી આપીને વાત કરી, ત્યારે પેલી મહિલા બોલી, 'અમે તો દુર્ગુણોથી ગ્રસ્ત છીએ. ગામની બહાર તપાસ કરી જુઓ ત્યાં ઘણા હરિભક્તો મળી જશે. એમાંથી કોઈકને વીંટી આપી દેશો.' નિવૃત્તિનાશ નિરાશ થઈ ત્યાંથી નીકળી ગામની ભાગોળે પહોંચ્યા. ત્યાં એક ગરીબની ઝુંપડીએ ગયા. ત્યાં પતિ-પત્નીને વીંટીની વાત કરી. પતિ બોલ્યા, 'બાબા, હું તો જૂતા સીવીને મારા પરિવારનું ગુજરાન કરું છું. હું મહેનત વગરની ભેટ લઈને પાપનો ભાગીદાર શું કામ બનું ??' આમ આખા ગામની આવી વિતરાગની ભાવના જોઈને નિવૃત્તિનાથનો સાંસારિક વસ્તુ પરનો રહ્યો સહ્યો મોહ પણ ચાલી ગયો. તેમણે એ વીંટી એક ભીખારીની ઝોળીમાં નાખી દીધી. નિવૃત્તિનાથ આગળ જઈને નાથ સંપ્રદાયના અગ્રણી સંતોમાં સ્થાન પામ્યા.

રાજયસભાની ચૂંટણીનો રસપ્રદ જંગ

તંત્રીસ્થાનેથી...

બ્રિટિશ પાર્લામેન્ટના પેટર્ન પર આપમે સંસદીય લોકશાહી અપનાવી એટલે આપોઆપ બ્રિટીશ પાર્લામેન્ટના હાઉસ ઓફ કોમન્સનો સીધો અનુવાદ 'લોકસભા' થયો અને હાઉસ ઓફ લોર્ડસ્નો 'રાજયસભા.' રાજયસભા એ જરા મૂઠી ઊંચેરા, વધુ પ્રતિષ્ઠિત, વિદ્વાન, તજજ્ઞ અને વૃદ્ધ સદસ્યોનું ગૃહ છે. જો કે એનું વજૂદ મર્યાદિત છે. રાજયસભાનો સદસ્ય વડાપ્રધાન બની શકે છે જેમ કે લોકસભામાં ચૂંટાવાની ક્ષમતા નહીં ધરાવતા અર્થશાસ્ત્રી ડૉ. મનમોહનસિંહ સળંગ બે ટર્મ માટે બન્યા; પણ વડાપ્રધાનને વડાપ્રધાન બનવા માટે તો લોકસભાની બહુમતીની જ જરૂર રહે છે. લોકસભામાં બહુમતી ગુમાવતાંની સાથે એને રાજીનામું ધરી દેવું પડે છે. આપણા ઐતિહાસિક સંસદભવનમાં રાજયસભાના સભાગૃહના ગુબંજ પર ભીષ્મ વચન આલેખાયેલાં છે : ના સા સભા યત્ર ન સન્તિ વૃદ્ધા : । વૃદ્ધ એટલે ફક્ત ઉંમરમાં નહીં, વિચાર-સંપદાથી વૃદ્ધ - સંપન્ન વ્યક્તિઓથી જ રાજયસભા શોભે. ગુજરાત વિધાનસભા આગામી ૨૬ માર્ચે જો શક્તિસિંહ ગોહિલ કે અભય ભારદ્વાજને ચૂંટી મોકલે તો તેઓ વૈચારિક ક્ષમતાની રૂએ એ પદ માટે જરૂર લાયક લેખાશે. પરંતુ હવે તો રાજયસભા માટેના સભ્યો પણ રાજકારણના આટાપાટા મુજબ ચૂંટાયા હોય છે. જયોતિરાદિત્ય સિંધિયાને રાજયસભાની બેઠક શું કામ આપવી પડે ? એ તો લોકપ્રિય નેતા છે. સોદાબાજી કર્યા વગર એમની જ સામે જીતનાર ભાજપના સાંસદને રાજીનામું અપાવી એ જ બેઠક પર એમણે લોકસભાની ચૂંટણી લડાવવામાં આવી હોત તો સિંધિયાનું લોકનેતા તરીકેનું વજૂદ પ્રસ્થાપિત થઈ શક્યું હોત. પરંતુ આપણા નેતાઓ હવે રાજયસભાની બેઠકોનો પણ અનુકૂળતા મુજબ ઉપયોગ કરી લે છે. ખૂબ જ લાયક હોવા છતાં પૂર્વ કેન્દ્રીય મંત્રીઓ પી. શિવશંકર, પ્રણવ મુખર્જી કે અરુણ જેટલી માટે લોકસભાની બેઠક જીતવી અઘરી હતી. તેઓ રાજયસભાના સભ્ય તરીકે ચૂંટાઈને ગુજરાતમાંથી કેન્દ્રમાં પ્રધાનપદાં પામ્યા, જો કે ગુજરાતને એથી કેટલો ફાયદો થયો એ ચર્ચાનો વિષય હોઈ શકે છે. પ્રજાના પ્રતિનિધિઓ પ્રજામાંથી જ આવે તે ઈચ્છનીય લેખાય. એટલે સોનિયા ગાંધી મીડિયા કિંગ રાજીવ શુક્લને ગુજરાતના માથે થોપવા માગતાં હોય અને સ્થાનિકના મુદ્દે ધારાસભ્યો ખુલ્લો વિરોધ કરે તે લોકશાહીનો વિજય છે. કોંગ્રેસના પ્રખર અગ્રણીને રિપીટ નથી કરાયા તે લોકશાહીની જ બલિહારી છે. અહમદ પટેલને પાંચ પાંચ વાર ચૂંટી મોકલીને ગુજરાત કોંગ્રેસે શું ફીણ્યું ? એ દૃષ્ટિએ ભાજપની 'નો રિપિટ થીયરી' વખાણવાલાયક જ ગણાય. ભાજપે આદિવાસી મહિલાને ટિકિટ આપીને નારાજ આદિવાસી સમાજને આકર્ષવાનો પ્રયાસ કર્યો છે તો વળી ત્રીજા ઉમેદવાર તરીકે કોંગ્રેસ છોડીને સાત વર્ષથી સત્તાવિહોણી સ્થિતિમાં મુકાઈ ગયેલા નરહરિ અમીનને મેદાનમાં ઉતારી પ્રતિષ્ઠાનો જુગાર ખેલ્યો છે. જો કે કોંગ્રેસના પાટીદાર ધારાસભ્યો પાટીદારને ટિકિટ મળે એવું ઈચ્છતા હોવા છતાં ભાજપમાં ગયેલા પાટીદાર નેતાને મદદ કરવા પોતાની પ્રતિષ્ઠા હોઠમાં મૂકશે કે કેમ એ પ્રશ્ન જ છે. નરહરિ જીતશે તો પણ ભાજપની પ્રતિષ્ઠા તો ખરડાશે જ, કારણ કે એમને જિતાડવા પક્ષપલટા કે કોંગ્રેસના કેટલાક ધારાસભ્યોને ગેરહાજર રાખવાનો ખેલ ખેલવો પડશે. ભાજપને આ બધું કોઠે પડી ગયું છે. મૂલ્યનિષ્ઠા નેવે મૂકીને પણ જીત મેળવવી એ જ એમનું ધ્યેય હોય તો એમને મુબારક. એથી એમની છાપ તો કર્ણાટક-મધ્યપ્રદેશ પછી ગુજરાતમાં પણ ખરડાશે જ. જો કે ૨૦૧૭ ની રાજયસભાની ચૂંટણી વખતે આવા જ કારસા કર્યા છતાં કોંગ્રેસમાંથી ફોડી-તોડી લાવેલા બળવંતસિંહ રાજપૂતને જિતાડી નહોતા શકાયા તે મોદી-શાહથી લઈ વર્તમાન પ્રદેશ નેતાઓ ભૂલ્યાં તો નહીં જ હોય. એટલે ચાર તાળી પીરસાઈ છે ત્યારે કોને ડાઈનિંગ ટેબલ પરથી ઉઠાડી મૂકાશે એ તો મતદાન પછી જ ખબર પડશે. જે ભૂખ્યો રહેશે એ પછી પોતાની ગ્રહદશા પર જ આંસુ સારશે.

ઝિંદગી મેં લક ભી સિર્ફ ઉસકા સાથ દેતા હૈ, જિસ મેં જિતને કા જઝ્બા હો...

ઝિંદગી મેં લક ભી સિર્ફ ઉસકા સાથ દેતા હૈ, જિસ મેં જિતને કા જઝ્બા હો...
- લક

ઈ.સ. ૨૦૦૯માં રેનિલ ડિ'સીલ્વાના સ્ક્રીન પ્લે સાથે 'લક' પિકચર ખૂબ મોટી હિટ ફિલ્મ નહોતી થઈ. છતાં સંજય દત્ત, મિથુ ચકવર્તી, ઈમરાન ખાન, રવિ કિશન, ડેની ડેઝોંગપ્પા જેવા કલાકારો એક જ સાથે જોવા મળે, અને સંવાદોની જે રમઝટ બોલે તે જોવાની પણ મજા તો અલગ જ છે. સોહમ શાહ દિગ્દર્શિત તથા તેના જ દ્વારા લખાયેલ આ ફિલ્મનો સંવાદ નસીબની રાહ જોઈને બેસી રહેનારાઓ પણ ખૂબ મોટી લડડાક છે. ફિલ્મમાં સંજય દત્ત આ સંવાદ બોલે છે. જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે નસીબ ત્યારે જ સાથ દે છે, જયારે વ્યક્તિ પુરુષાર્થ કરતો હોય... જિતવાનો વિશ્વાસ વ્યક્તિમાં મહેનત અને આત્મવિશ્વાસથી જ આવતો હોય છે.

ડાયલોગથી દેવભાષા
ડૉ. જય ઓઝા

આવા જ અર્થસામ્યતાવાળું એક વાક્ય કથા સરિત્સાગરમાં મળી આવે છે.

દૈવમ્ હિ સાહાય્યં કુરુતે સત્વશાલિનામ્ ॥

- નસીબ મહેનતુને જીત ઈચ્છારને જ રહાય કરે છે.

લગભગ ૧૧મી સદીમાં સોમદેવ દ્વારા વાર્તાઓના સંગ્રહરુપે આ 'કથા સરિત્સાગર' ગ્રંથ નૈતિક મૂલ્યોના શિક્ષણની દૃષ્ટિએ ખૂબ જ સુંદર ગ્રંથ છે.

એમ કહેવાય છે કે ગુણાઢ્યની 'બૃહત્કથા' પરથી જ 'કથા સરિત્સાગર' લખવામાં આવ્યું છે. આ ઉપરાંત ક્ષેમેન્દ્ર કૃત 'બૃહત્કથા મંજરી' પણ આ જ રીતે કથાઓનો સંગ્રહ છે.

આ કથાઓ કાશ્મીરી વાચના મળી આવે છે, અને સૌપ્રથમ ૧૯૨૪ થી ૧૯૨૮ ની વચ્ચે સી.એચ.ટોની તથા એન.એમ. પેંજર જેવા વિદેશીઓએ દસભાગમાં 'દી ઓશન ઓફ સ્ટોરી' ના નામે અનુવાદ કરીને પ્રકાશિત કરી છે.

નીતિ વિષયક કથાઓમાંથી મળી આવતી ઉપરોક્ત પંક્તિ 'પુરુષાર્થ વગર પ્રારબ્ધ પાંગળું છે.' ઉક્તિને સાર્થક કરે છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

૨૦૧૬-૧૭ના ગુજરાત સાહિત્ય અકાદમી અને હિંદી સાહિત્ય અકાદમીના સાહિત્ય ગૌરવ પુરસ્કાર એનાયત

વૃત્તસંચય

ગુજરાત સાહિત્ય અકાદમી અને હિંદી સાહિત્ય અકાદમીના સાહિત્ય ગૌરવ પુરસ્કાર સમારોહમાં ૨૦૧૬ના વર્ષ માટે (૧) નવલકથામાં પ્રથમ ઈનામ સોનલ પરીખને તેમના નવલકથા 'ને સમય જાગ્યા કરે' ને (૨) ટૂંકી વાર્તામાં પ્રથમ ઈનામ ઉત્તમ ગડાને તેમના વાર્તાસંગર્હ 'ટુરિસ્ટ અને બીજી વાર્તા'ને (૩) કવિતામાં પ્રથમ ઈનામ ભારતી રાણાને તેમના કાવ્યસંગ્રહ 'હૃદયાલિપિ' માટે (૪) વિવેચનમાં પ્રથમ ઈનામ દર્શના ઉપાધ્યાયને તેમના વિવેચન સંગ્રહ 'આ માણસ મદ્રાસી લાગે છે' ને (૫) સંશોધન, ભાષા, વ્યાકરણ માટે પ્રથમ ઈનામ હિમા યાજ્ઞિકને તેમના પુસ્તક 'મહાભારતના યુદ્ધદર્શન'ને (૬) આત્મકથા - રેખાચિત્ર - પત્ર - જીવનચરિત્ર - સત્યકથા માટે પ્રથમ ઈનામ અરુણમ્ વૈદ્યને તેમના પુસ્તક 'આપણી મોંઘેરી ધરોહર' ને (૭) લોકસાહિત્યમાં પ્રથમ ઈનામ ભરત પંડ્યાને તેમના પુસ્તક 'કચ્છ બન્નીનો લોકસાંસ્કૃતિક સંદર્ભ' ને (૮) અનુવાદ માટે સોનલ પરીખને તેમના પુસ્તક 'બા : મહાત્માનાં અર્ધાંગિની' ને (૯) બાળ વાર્તામાં કાલિન્દી પરીખને વાર્તાસંગ્રહ 'ભાગ્યવિધાતા' ને આપવામાં આવ્યું. ૨૦૧૭ના વર્ષ માટે નવલકથામાં (૧) ડૉ. જિતેન્દ્ર બેલાણીને 'એનેસ્થેસિયા : એક રોમાંચક કથા' માટે (૨) એકાંકી નાટકમાં 'એક ચપટી ઊંઘ' માટે ડૉ. ધ્વલિ પારેખને (૩) હાસ્ય - વ્યંગ માટે પલ્લવી મિસ્ત્રીને 'હાસ્યવર્ષા' માટે (૪) નિબંધ અને પ્રવાસ માટે નટવર હેડાઉને 'પ્રકૃતિના પ્રહરી' માટે (૫) કવિતા માટે હરીશ મિનાશ્રુને 'નચિકેત સૂત્ર' માટે (૬) વિવેચનમાં ડૉ. બહેચરભાઈને (૭) આત્મકથા - રેખાચિત્ર માટે ડૉ. રાજુજી પરારને ગમતાનો ગુલાબ (સ્મરણયાત્રા) માટે (૮) લોકસાહિત્યમાં ઋષિકેશ રાવલને 'આનર્તના મુસ્લિમ સંતોની કાવ્યધારા' માટે (૯) અનુવાદ માટે ચંદ્રકાન્ત દેસાઈનીને 'ફાઉસ્ટ' માટે (૧૦) બાળકાવ્યમાં કીર્તિદા બ્રહ્મભટ્ટને કાવ્યસંગ્રહ 'રંગોની લા'ણી' માટે (૧૧) બાળ વાર્તા માટે રવીન્દ્ર અંધારિયાને વાર્તાસંગ્રહ 'સૂરજદાદાનું સરનામું' માટે અને (૧૨) બાળચરિત્રાદિ માટે મેઘના નાયકને 'ડૉ. ચંદ્રશેખર વેંકટરામન' માટે એનાયત થયા હતા.

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

- muljibhaidhadhi@gmail.com, Mo. 9824236893

કચ્છની ધરોહરનું સંવર્ધન અને કલાપ્રતિષ્ઠાન

તળ ઊંડા જળ છીછરાં
કાનન લંબે કેશ,
નર પટાધર નીપજે
ડોલરિયો કચ્છ દેશ.

પ્રત્યેક પ્રદેશને પોતાની ભાષા, વારસો તેમજ વિશિષ્ટ સામાજિક – સાંસ્કૃતિક ઈતિહાસ હોય છે. આ બાબતને ધર્મ સાથે ઓછો પરંતુ પરંપરાઓ સાથે વિશેષ સંબંધ હોય છે. કચ્છ પોતાના સાંસ્કૃતિક વૈભવ માટે સકારણ ગૌરવ લઈ શકે છે. દુલેરાય કારાણીની અનેક વાતોમાં કચ્છના ગૌરવવંતા ઈતિહાસનું ઝળહળા દર્શન થાય છે. આથીજ પ્રિય ભાઈ નરેશ અંતાણીએ મહેનત તથા સૂઝપૂર્વક સંપાદીત કરેલા 'ધરોહર' પુસ્તકનું વિમોચન ભૂજમાં થયું તે બાબત ગૌરવનો અનુભવ થવો સ્વાભાવિક છે. આ પ્રકારના સમૃધ્ધ લખાણ 'કચ્છમિત્ર' માં પ્રસિધ્ધ કરીને 'કચ્છમિત્ર' ના સંચાલકોએ સમાજ ઉપયોગી પત્રકારત્વના ધોરણનું દર્શન કરાવ્યું છે.

'ધરોહર' પુસ્તક સાથે જોડાયેલા 'કલાપ્રતિષ્ઠાન' ની વાત પણ આવીજ ઉજળી અને ઉમદા છે. કલાપ્રતિષ્ઠાન ગુજરાતની સ્થાપત્ય કલા તેમજ સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરીને તથા તેનું સુરેખ દસ્તાવેજીકરણ કરીને આવનારી અનેક પેઢીઓ માટે એક અમૂલ્ય સાંસ્કૃતિક ખજાનાનું સર્જન મુંગા મોઢે કરે છે. કામમાં જોવા મળતી ચોકસાઈ તેમજ નિષ્ઠા માટે દરેક ગુજરાતી ગૌરવ અનુભવી શકે છે. 'ધરોહર' એ કલાપ્રતિષ્ઠાનનું ૨૭મું પ્રકાશન છે. અમૂલ્ય મૂલ્ય ધરાવતા આ આયામને ખુલ્લા દિલે વધાવવા જેવું છે. રમણીકભાઈ ઝાંપડીયા તથા તેમની સમર્પિત ટીમના સભ્યોઆ પડકારરૂપ કાર્ય દ્રષ્ટિસંપન્ન રીતે કરે છે તે પણ નોંધપાત્ર બાબત છે. કાન્તીસેન શ્રોફ (કાન્તીકાકા) જેવા અનેક શ્રેષ્ઠીઓ આજે પણ ગુજરાતની શ્રેષ્ઠી પરંપરાઓને ઝાળવીને બેઠા છે તે પણ સામાન્ય વાત નથી. શ્રેષ્ઠીઓની હૂંફ સિવાય આવું કાર્ય કાર્યથવું મુશ્કેલ છે. વ્યાપારીકરણનો નાનો અંશ પણ સમગ્ર આયોજનમાં અદ્રશ્ય છે.

જે લોકો કોઈપણ ક્ષેત્રમાં સર્જન કરે છે તે વધાવી લેવા જેવી વાત છે. સમાજની અમીદ્રષ્ટિ સિવાય સર્જકોની અમૂલ્ય કૃતિઓનો લાભ જન સાધારણ સુધી પહોંચી શકતો નથી. સમાજનું ધ્યાન જો સર્જકો તરફ ન રહે તો તેનું વિશેષ નુકસાન સમાજને છે. કવિઓના – કલાકારોના ગૌરવની એક વાત જેમના જન્મને બે શતાબ્દીનો સમય થયો છે તેવા અર્વાચીનોમાં આદ્ય કવિ દલપતરામે રસાળ શૈલીમાં લખી છે. આ પંક્તિઓ કવિ તેમજ એક કલા વિમુખ રાજવી વચ્ચેના કાવ્યમય સંવાદમાંથી પ્રગટી છે.

એક નગરનો રાય કહે
સુણો કવિરાય !
તમ જેવા કવિ અહીં
ઘેરઘેર છે.
અહીં તો આ સમામાં
કવિ ટકે શેર છે !

રાજવીની આ અણગમતી વાણી ફાર્બસના જોડીદાર દલપતરામ મુંગા મોઢે સાંખી લે તેવા ન હતા. રાજવીને યથાયોગ્ય જવાબ આપતા કવીશ્વર કહે છે :

કહે કવિ સુણોરાય !
સર્વ કવિ ટકે શેર ?
એવું આ સમામાં હોય
એ તો કાળો કરે છે !
ખાજા ભાજી હતા એક
શહેરમાં ટકે શેર, આજે
જાણ્યું બીજું આપનું
આ શહેર છે !

આપણે સદ્ભાગી છીએ કે આપણાં શહેરમાં અને આ સમામાં રમણીકભાઈ ઝાંપડિયાની ટીમ હાજરાહજુર છે અને સર્જકોને અંતરનો હોંકારો આપતા રહે છે. મહારાજ ભગવતસિંહજીએ શબ્દભંડોળને સાચવવાનું તેમજ સંવર્ધન કરવાનું રાજવી કાર્ય કર્યું. સાંકળચંદ પટેલ (વીસનગર) તેમજ પૂજ્ય મોટાએ હીરાપારખુની દ્રષ્ટિએ ધીરૂભાઈ ઠાકર સાહેબને શોધીને વિશ્વકોશનું ઐતિહાસિક કાર્ય કરાવ્યું. આજ પ્રકારનું યજ્ઞકાર્ય કલાપ્રતિષ્ઠાનની ટીમ નિઃસ્વાર્થ ભાવે તેમજ સ્વાંતઃ સુખાય કરી રહી છે. એમને દાદ આપવાનું આપણે ચૂકી જઈએ તો તે પાલવે તેવું નથી. ગ્લેમરના આ યુગમાં આપણાં અનેક ઘર દીવડા સમાન મુંગા અને છેવાડે બેઠેલા કલાધરોને હૂંફ આપવાની આજે કદાચ વિશેષ જરૂર છે. આમાના ઘણાં કલાકારોએ ભાતીગળ કલાઓને ટાંચા સાધનોથી પણ જીવની જેમ જાળવી છે. આ કલાકારોને બીરદાવવાની અને યથાયોગ્ય મદદ કરવાની જવાબદારી આપણી સામુહિક છે. એમ કરવામાં નિષ્ક્રિયતા દાખવીશું તો ભવિષ્યની અનેક પેઢીઓ આપણાં આ ભાતીગળ કલા વારસાથી વંચિત રહી જશે. આ સમસ્યા નાની નથી. કલાપ્રતિષ્ઠાનના સાતત્યપૂર્ણ પ્રયાસોની આ રીતે પણ મુલવણી કરીએ તો તેની વિશેષ મહત્તા તથા અનિવાર્યતા સ્પષ્ટ થશે.

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

'ધરોહર' એ કલાપ્રતિષ્ઠાનનો ૨૭મો કલાગ્રંથ છે. આ ગ્રંથને તેમજ અગાઉના ગ્રંથોને જોતાં એમ લાગે છે કે આવા ગ્રંથો એ ગુજરાતની વાચનાલયોની શોભા વધારે તેવા CONTENT RICH છે. છતાં હજુ ઘણું કરવાનું બાકી છે તેવો નક્કર રણકાર રમણીકભાઈની વાતમાં પ્રગટ થાય છે. ઘણાં લોકો જાણે છે તેમ કલાપ્રતિષ્ઠાન છેલ્લા ૧૩ વર્ષથી સક્રિય રીતે ગુજરાતની કલાને ઉજાગર કરવાનું તેમજ કલાધરોનું સંવર્ધન કરવાનું કામ કરે છે. ૮૦૦ થી વધારે કલાકારો આ પ્રતિષ્ઠાન સાથે જોડાયેલા છે. છેલ્લા દોઢ દાયકામાં કલાપ્રતિષ્ઠાનને અનેક કલાશિબિરો તેમજ કલાપ્રદર્શનો ગોઠવ્યા છે. અનેક વર્કશોપનું સુચારું આયોજન કર્યું છે. અનેક કલાકારોના હાથમાં સારી એવી રકમ સહજ રીતે મૂકવામાં આવી છે. સ્વીકારનારનું ગૌરવ જાળવીને આ કાર્ય થયું છે. ભારે બીમારીના ઝંઝાવાત સામે કલાકારોનું કવચ બનીને આ સંસ્થાએ મદદ કરી છે. હરેશભાઈ ધોળકીયા (ભૂજ)એ ઉચિત રીતે કહ્યું કે આ ઉત્તમ કાર્યના એક ભાગ તરીકે નરેશ અંતાણી જેવા તેજસ્વી ઘરદીવડાને વિમોચન સમારંભ કરીને વધાવવાનુંકામ પ્રશંસાપાત્ર છે. બાકી તો કચ્છના પાણીની પાણીદાર વાતો માટે હજુ ઘણું થઈ શકે તેવું છે.

વંકા કુંવર વીકટ ભડ,
વંકા વાડીય વચ્છ,
વંકા કુંવર તડે થીયે
જ પિયે પાણી કચ્છ.

ગાંધીનો શાશ્વત વિચાર રચનાત્મક કાર્યક્રમો

મહાત્મા ગાંધીના જીવન વિશે જેટલો વ્યાપક અભ્યાસ થયો છે તેટલો અભ્યાસ તેમના કાર્ય વઈશે થયો નથી એમ ચોક્કસ કહી શકાય. સમગ્ર દુનિયા ગાંધીના વિચારથી અજાણ નથી પરંતુ ગાંધીના કાર્યો - કાર્યક્રમોએ કેવા સમાજ નિર્માણનું કામ કર્યું એ સંશોધન અભ્યાસ થયો નથી. એક રીતે મહાત્મા ગાંધીના જીવનમાં તેમણે વિવિધ પ્રયોગો દ્વારા દરેક કાર્યક્રમને આગળ ધપાવવાના પ્રયાસો કર્યા હતા. 'સત્યના પ્રયોગો' અને 'મારું જીવન એ જ મારો સંદેશ' ગાંધીના સમગ્ર જાહેર જીવનની અજોડ બાબત છે. પરંતુ બીજી તરફ તેમણે કરેલા પ્રયોગો તેમના પૂરતા જ સીમિત હતા એવું વધારે માનવામાં આવે છે. બીજી રીતે એમ પણ કહી શકાય કે વ્યાપક માન્યતા એવી છે કે ગાંધીની ગેરહાજરીમાં ગાંધીના તેમના જીવનકાળના પ્રયોગો અને કાર્યક્રમો કરી શકાય નહીં, અથવા તો તેમના કાર્યક્રમો તેમના જીવનકાળ પૂરતા જ હતા. તેમની વિદાય પછી આ કાર્યક્રમોનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ રહેતું નથી.

આવી લોક માન્યતાઓ એ એક પ્રકારનો ભ્રમ છે. ગાંધી વિચાર અને ગાંધી પ્રયોગ તો શાશ્વત છે. અને જેમ સ્થળ કાલની સીમા નથી તેમ ગાંધીજીની ગેરહાજરીની મર્યાદા પણ નડતી નથી. આધુનિક માનવ સમાજની નવરચનાને વધુ માનવીય બનાવવા માટેનો આ એક વૈજ્ઞાનિક કાર્યક્રમ છે. એક દૃષ્ટિએ ગાંધીએ સૂચવેલા રચનાત્મક કાર્યક્રમો એ કોઈ પણ તત્કાલીન સમયની સમસ્યાઓના ઉકેલ માટેની સીધી ફૂંચી મળી જાય એવું નથી. જેમ જેમ ઔદ્યોગિકરણ અને બજારવાદ વધુ ને વધુ પ્રસરતો જાય તેમ તેમ ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો વધુ ને વધુ ઉપકારક લાગે છે. આમ ગાંધીના રચનાત્મક કાર્યક્રમોની શ્રૃંખલા વધુને વધુ સ્પષ્ટ થતી જાય અને વૈશ્વિ કક્ષાએ સમાજની આમૂલ નવરચના માટે વિશ્વભરમાં અમલમાં મૂકી શકાય એવો દૂરોગામી અસર નિપજાવનાર વ્યવસ્થિત અને વિકરાળ સામાજિક પ્રશ્નોનું નિરાકરણ પણ ગાંધીએ સૂચવેલા રચનાત્મક કાર્યોને આધારે મેળવી શકાય છે.

રચનાત્મક કામોમાં ગાંધી સરકારના પરાવલંબનથી દૂર રહેવા પ્રયાસ કરતા હતા

ગાંધીના વિચારો માત્રથી પ્રભાવિત થઈને કે માત્ર ગાંધીની વાતો કરવાથી ગાંધીની સ્મૃતિઓને જાળવી શકાશે નહીં બલકે તેમણે ચીંધેલા રચનાત્મક કાર્યો દ્વારા ગાંધી સદાય જીવંત રહે એવા પ્રયાસો જરૂરી છે. એક રીતે ગાંધીના પ્રયોગો એ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો ઉજાશ પાથરનારા તો છે જ પરંતુ આપણે જયારે સાવ સામાન્ય બોલચાલમાં વિજ્ઞાન એટલે 'પ્રયોગ' એમ સમજતા હોઈએ છીએ ત્યારે ગાંધી તો પ્રયોગવીર જ હતા. ગાંધી એક એવા સમાજવિજ્ઞાની હતા કે સમાજની વિવિધ સારી-નરસી બાબતોને એક અભ્યાસુની જેમ સમજી, વિચારી અને એના સંદર્ભની માહિતી, અર્થઘટન અને તારણ રજૂ કર્યા હતા. કોઈ પણ સામાજિક સંશોધન જે રીતે તેમના સંશોધન પ્રશ્ન પર સંશોધન કાર્ય કરે તે જ રીતે તેમને આજીવન કામ કર્યું હતું. ગાંધીએ એક સમાજવિજ્ઞાની તરીકે સંરચનાવાદી અને કાર્યાત્મવાદી અભિગમ હેઠળ કાર્ય કર્યું છે. સમાજની જે રચના હોય તેમાં ધરમૂળમાંતી કે ડાળ-પાંદડાંમાં પરિવર્તન લાવવાનું હોય ત્યારે જે જરૂરી હોય તેમાં તેમને બદલાવ આણવાનો પ્રયાસ કર્યો છે. ગાંધીના રચનાત્મક કાર્યક્રમોમાં ખંડનને બદલે રચના ઉપર વધુ ઝોક જોવા મળે છે. ગાંધીના કાર્યક્રમમાં સ્વાભાવિક છે કે સત્ય અને અહિંસા જ હોય એથી સર્જન જ જોવા મળે. વિઘટન કે વિનાશની વાત એમાં ન હોય. ગાંધીની રચનાત્મક કાર્યક્રમોની વિશેષતા એ હતી કે જૂની વ્યવસ્થાનું વિઘટન તેમાં આપોઆપ થાય અને સમાજ જરૂરનું કે સમાજના આરોગ્ય માટે અગત્યનું લાગેતેનો પ્રસાર અને સ્વીકાર થાય. આમ, ગાંધીજીની સમગ્ર જીવનની કાર્યપદ્ધતિની ખૂબી એ હતી કે સમગ્ર માનવ સમાજના સામાજિક ક્રાંતિના ઈતિહાસમાં એ અદ્વિતીય રહી હતી.

ગાંધી ૧૦૦
ડૉ. રાજેન્દ્ર જાની

રચનાત્મક કાર્યક્રમને ગાંધીજીએ સત્યાગ્રહનો પર્યાય કહ્યો છે. એટલે સામાજિક પરિવર્તન લાવવા માટે પ્રયત્નશીલ સમાજ સુધારકો જો રચનાત્મક કાર્યક્રમોનો અમલ કરે તો અન્યાય નિવારણ માટે શાંતિમય અહિંસક પ્રતિકાર કરવાની જરૂરિયાત પણ ના રહે. ઉપરાંત ર